# વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ-બાબેન. (ગુજરાતી માધ્યમ) D:15/07/2024

" પ્રામાણિકતા એ જીવનની શ્રેષ્ઠ મૂડી છે."

સ્નેહી વાલીશ્રી,

નીતિમૂલ્યોની કેળવણી ખરેખર તો સમગ્ર કેળવણીનો હાર્દ છે. શ્રેષ્ઠત્તમ નીતિમૂલ્યોનું શિક્ષણ બાળકના જીવન ઘડતરનું અતિ મહત્વનું પાસું છે અને આ મૂલ્યો થકી જ મનુષ્યમાં સત્ય, પ્રામાણિકતા, વિવેક, નમ્રતા તથા પરિશ્રમ જેવા સદ્‌ગુણોનો વિકાસ થતો હોય છે. નૈતિક જીવન જ મનુષ્યને શાંતિ તથા ઊંડા સંતોષનો અનુભવ કરાવે છે. વ્યકિતની પોતાની સલામતીની ભાવના પણ નીતિમૂલ્યો આધારિત જીવનમાંથી જ ઉદ્‌ભવતી હોય છે.

ઉપરોક્ત હેતુસર આપણી શાળા વિદ્યાર્થીઓમાં ઉત્તમ શિક્ષણ સાથે સંસ્કાર અને સ્વયંશિસ્ત કેળવાય તેવા સતત પ્રયત્નો કરવા માટે કટીબદ્ધ છે.આવા જ એક પ્રયત્નના ભાગરૂપે ચાલુ શૈક્ષણિક વર્ષમાં પ્રયોગાત્મક ધોરણે આપણે જીવન ઘડતરમાં પાયારૂપ ગુણો પ્રામાણિકતા અને સ્વયંશિસ્ત વિકસે તે હેતુથી ધોરણ 3 થી 9 ના વિદ્યાર્થીઓ માટે નૈતિકમૂલ્યોનું ઘડતર કરનારા પ્રયોગ અમલમાં મૂકી રહ્યાં છીએ.

## (1) <u>Vasishtha's Honesty Index (VHI)</u>

આ પ્રયોગમાં શાળામાં વિદ્યાર્થીઓને ઉપયોગી એવી સ્ટેશનરીનું કોર્નર રાખવામાં આવશે, જયાં રાખવામાં આવેલી સ્ટેશનરીનું **Price List** (ભાવપત્રક) રાખેલ હશે. જયાં દરરોજ વાર મુજબ જુદા જુદા વર્ગના વિદ્યાર્થીઓને મોકલવામાં આવશે. વિદ્યાર્થીને કોઇ વસ્તુ જેમકે પેન્સિલની જરૂર છે તો તે વિદ્યાર્થી ભાવપત્રકમાં એક પેન્સિલના જે રૂપિયા લખેલા હોય તે રૂપિયા **Honesty Box** માં નાખીને એક પેન્સિલ કોર્નરમાંથી લઇ લેશે. ખૂબ જ મહત્ત્વની બાબત એ છે કે આ કોર્નરની આજુ બાજુ શાળાના કોઇપણ કર્મચારીની હાજરી નહીં હોય. આથી કોઇ વિદ્યાર્થી વસ્તુના બદલામાં જે તે રૂપિયા **Honesty Box** માં નાખે અથવા ન પણ નાખે એવું બની શકે. દરરોજ સાંજે આ **Honesty Box** માં નાખવામાં આવેલા રૂપિયાની ગણતરી થાય અને સામે વિદ્યાર્થીઓ કેટલી વસ્તુ અને કેટલા રૂપિયાની વસ્તુ લઇ ગયા તેની ગણતરી થાય. જેમાં વસ્તુનાં પ્રમાણમાં રૂપિયા વધારે તો નહીં પરંતુ ઓછા અથવા પૂરતાં નીકળી શકે છે. જેમકે ધારો કે **100** રૂપિયાની વસ્તુ વિદ્યાર્થીઓ લઇ ગયા અને **Honesty Box** માંથી જો **100** રૂપિયા નીકળે તો જે વર્ગના વિદ્યાર્થી કોર્નર ઉપર ગયા હોય તે વર્ગનો **Honesty Index 100%** કહેવાય એટલે કે તે વર્ગમાં-વિદ્યાર્થીઓ **100%** પ્રામાણિક છે તેવું કહેવાય.

પરંતુ જો 100 રૂપિયાની વસ્તુ સામે 90 રૂપિયા **Honesty Box** માંથી નીકળ્યા હોય તો જે તે વર્ગના વિદ્યાર્થીઓની પ્રામાણિકતાં 90% કહેવાય, આ દરેક બાબતોની ચર્ચા બીજા દિવસે પ્રાર્થનામાં કરવામાં આવશે અને વિદ્યાર્થીઓના વર્ગનો **Honesty Index** જાહેર કરવામાં આવશે અને વર્ષાંતે જે વર્ગના વિદ્યાર્થીઓનો સરેરાશ **Honesty Index** વધારે હોય તેવા વર્ગના વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે.

કોર્નરમાં રાખવામાં આવેલી સ્ટેશનરીની કિંમત શાળાને જે કિંમતમાં પડી હોય તે જ કિંમત રાખવામાં આવશે અને જે તે દિવસે જે વર્ગના વિદ્યાર્થીઓનો વારો હોય તે દરેક વિદ્યાર્થીએ જરૂરિયાત ન હોય તો સ્ટેશનરી લેવાની જરૂર નથી. અમારો હેતુ કેટલા વધારે રૂપિયા **Honesty Box** માં એકઠા થાય એ નથી પરંતુ બાળકોની પ્રામાણિકતા વધારવાનો છે.

કોર્નરમાં રાખવાની સ્ટેશનરી અને તેનું ભાવપરૂત્રક આપના બાળકને આપવામાં આવશે.

આ પ્રયોગમાં દરેક ધોરણમાં જયારે પણ શાળામાં વિકલી ટેસ્ટ હોય તેમાં કેટલીક વિકલી ટેસ્ટ કોઇપણ પ્રકારનાં સુપરવિઝન વગર, કોઇપણની સીધી દેખરેખ વગર વિદ્યાર્થીઓ જાતે કોઇપણ પ્રકારની ગેરરીતિ કર્યા વગર બીજા વિદ્યાર્થીઓ સાથે વાતચીત કર્યા વગર પ્રામાણિકતાથી પરીક્ષા આપતાં હોય, મિત્રો આ પ્રયોગ અમો અગાઉ વર્ષમાં કરી ચૂક્યાં છીએ, જેના ખૂબ જ સારા પરિણામો જોવા મળ્યાં છે. આથી નાનપણથી જો વિદ્યાર્થીઓને સ્વયં શિસ્તમાં રહીને પરીક્ષા આપવાની આદત કેળવાય તો તે વિદ્યાર્થી ભવિષ્યમાં કોઇપણ પ્રકારની ગેરરીતિ કરતાં અટકશે અને પોતાની મહેનતથી પોતાના ભવિષ્યનું ઘડતર કરશે.

આથી ચાલુ વર્ષે પણ ધોરણ મુજબ એક-એક વર્ગને **Honest Class** તરીકે રાખીશું.

તો ચાલો વાલી મિત્રો, આપણા સૌના સહિયારા પ્રયત્નોથી આપણા બાળકોમાં નૈતિકમૂલ્યો વિકસે તેવા પ્રામાણિકતાપૂર્વક પ્રયત્નો કરીએ...

- ભાવપત્રકમાં ફેરફાર થશે તો અગાઉથી જણાવવામાં આવશે.

આચાર્યશ્રી

વાલીશ્રીની સહી.............................

વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ, બાબેન. (ગુજરાતી માધ્યમ)